ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ : સવારે ૯૫ ટકા ● સાંજે ૧૦૦ ટકા
૨૪ કલાક દરમિયાન વરસાદ ૩૬ મી.મી.

ગાંધીનગર તાપમાન

વરસાદમાં ગાડીઓ બંધ થઈ જતા ચાલકો હેરાન

ગાડીઓ જમીનમાં ખુંપી જતા ટ્રેક્ટર બોલાવી બહાર નીકાળવી પડી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં છેલ્લા ૨૪ કલાથી ઝરમરઝરમર વરસાદ વરસી રહ્યો છે. શહેરમાં વરસાદને પગલે ઠેરઠેર પાણી ભરાતા તળાવ જેવા દ્રશ્યો સર્જાયા છે. નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરીક માર્ગો પર વરસાદી પાણી ભરાવાને પગલે વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

સવારથી જ શરુ થઈ ગયેલા વરસાદે ગણતરીના કલાકોમાં શહેરને પાણી પાણી કરી દીધુ હતું. જયારે ગાંધીનગર શહેરી વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી પાણી ભરાવાનો પ્રશ્ન ઉદભવે છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ માત્ર ૭ જ સેકટરોમાં પાણી નિકાલની વ્યવસ્થા છે. જેથી શહેરમાં માત્ર ૨ ઈંચ જેટલો વરસાદ ખાબકતા જળબંબાકારની પરિસ્થિતિ સર્જાય છે. આજે શહેરના માર્ગો પર ભરાયેલા વરસાદી પાણીમાં ટુ-વ્હીલર અને ફોર વ્હીલર ફસાઈ જતા બંધ થઈ ગયા હતા. જેથી વાહન ચાલકો તેને ધક્કા મારીને યોગ્ય સ્થળે મુકવાની કવાયત હાથ ધરતા નજરે પડ્યા હતા.તો બીજી તરફ શહેરમાં વિવિધ તંત્ર દ્વારા કરાયેલા ખોદકામને પગલે જમીન પોચી થઈ જતા વાહનો ખુંપી જવાના ત્રણ જેટલા કિસ્સા નોંધાયા હતા. જેમાં સેકટર-૩ ખાતે એસએસવી શાળાની સામેની બાજુએ ગાડી, તેમજ સેકટર-૬ ગ-૨ પાસે એક કાર માર્ગની બાજુમાં ખુંપી જતા બે કલાક જેટલા સમય પછી ટ્રેકટરથી ખેંચીને બહાર કાઢી હતી. જયારે ટુ-વ્હીલરમાં વરસાદી પાણી એન્જીનમાં અડતા બંધ થઈ જતા વાહન દોરવાનો વારો આવ્યો હતો. પવન સાથે વરસી રહેલા વરસાદમાં શહેરી વિસ્તારમાં વૃક્ષો પણ ધરાશાયી થઈ ગયા હતા. જયારે શહેરમાં પહેલા વરસાદમાં જ આ પરિસ્થિતિ ઉભી થવા પામી છે.ત્યારે આગામી ચોમાસા દરમિયાન શું સ્થિતિ સર્જાશે તે જોવુ રહ્યું. ત્યારે શહેરમાં ચોમાસાના પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું હતું.

વાતવાતમાં

● શહેરમાં સવારે ૧૧ થી ૧૨માં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ સમયે આકાશમાં ઘેરાયેલા કાળા ડિબાંગ વાદળોને જોઈ નાગરિકોને અતિ ભારે વરસાડની ફડક પેસી હતી પરંતુ આ વરસાદી રમઝટ લાંબો સમય ના ચાલતા અપેક્ષા મુજબ વરસાદ થવા પામ્યો નહોતો.

● વરસાદને પગલે શહેરના અનેક સેકટરોમાં નાના મોટા ખાબોચિયા ભરાઈ જવા પામ્યા છે. ગુડા વિસ્તાર વાવોલ તથા કુડાસણ વગેરે ખાતે અનેક સ્થળે રોડ પરના થીગડાં ઉખડી જતા તંત્રના કામની પોલ ખુલવાનું ચાલુ થઈ ગયું છે.

● ટેક્ટાઈલ ઈન્ડિયા ૨૦૧૭ એક્સ્પોમાં વરસાદી રમઝટ વચ્ચે બપોરના સમયે ટ્રાફિક વધી જવા પામ્યો હતો. જેના કારણે ઘ માર્ગ પર ટ્રાફિક નિયમનની વિશેષ વ્યવસ્થા હાથ ધરવી પડી હતી. જો કે એક્સ્પો પુરો થવાનો સમય નજીક આવતા સ્ટોલ ધારકોએ મુલાકાતીઓની ઈન્કવાયરીમાં રસ લેવાનું ઓછું કરી સ્ટોલ સમેટવા પર ધ્યાન આપતા મુલાકાતીઓએ પ્રદર્શનમાં 'સેલ્ફી' થી સંતોષ માણવો પડયો હતો.

● વરસાદને પગલે શહેરના માર્ગો ઉપર વરસાદી મોસમમાં મકાઈની મજા માણતા અનેક લોકો રસ્તા પર રોકાઈને મકાઈ ખાતા નજરે પડયા હતા.

વરસાદી મોસમમાં ગાંધીનગરાઓનો 'પુસ્તક પ્રેમ' છલકાયો

રીમઝીમ વરસાદ વચ્ચે પુસ્તક પરબમાં ૫૦૦થી વધુ પુસ્તકોનું આદાન-પ્રદાન થયું

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં માતૃભાષા અભિયાન તથા આત્મન ફાઉન્ડેશન

દ્વારા દર માસના પહેલા રવિવારે ઘ-૪ના સર્કલે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. આ વખતે વરસાદી માહોલમાં પુસ્તક પરબ કેવી રીતે યોજવી તે અંગે આયોજકો અવઢવમાં હતા પરંતુ અંતે ઘ-૪ સર્કલ પાસેના સ્વર્ણિમ પાર્ક ખાતેની 'રેસ્ટ હટ'માં યોજવામાં આવેલી પુસ્તક પરબને પણ વાચકોનો ભારે પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડયો હતો અને ૨૦૦થી વધુ પુસ્તકો વાચકો વાંચવા માટે લઈગયા હતા.

રવિવારની વહેલી સવારથી જ વરસાદી વાતાવરણના કારણે પુસ્તક પરબના આયોજન માટે ભારે અવઢવ સર્જાઈ હતી અને ઘ-૪ સર્કલ પાસે ગુડાના સાયકલ સ્ટેન્ડ સામેના ભાગમાં પાર્કમાં બનાવાયેલ રેસ્ટ હટમાં ઓછા પુસ્તકો સાથે યોજવી તેવો નિર્ણય લેવાયો હતો. જોકે વરસાદી વાતાવરણ છતાં શહેરના વાંચક રસિકોએ આજે આ વાતાવરણમાં પણ ભારે ભીડ જમાવી હતી. જેમાં યુવા અને મહિલા વાચકો પણ નોંધપાત્ર સંખ્યામાં આવ્યા હતા. આજે પુસ્તક પરબમાં ૨૦૦થી વધુ પુસ્તકોની જાવક નોંધાઈ તો સાથે સાથે ૩૦૦થી વધુ પુસ્તકોની આવક પણ થવા પામી હતી. પુસ્તક પરબને મળેલા આ ઉષ્માભર્યા પ્રતિસાદને પગલે આયોજકોમાં હર્ષની લહેર ફરી વળી હતી. આજની પુસ્તક પરબમાં અશોક ત્રિવેદી, કિશોર જીકાદરા, પ્રજ્ઞાબેન પટેલ, સંજય થોરાત, અશ્વિન ત્રિવેદી, સ્વાતી શુકલ, ક્રુજર્ટી પ્રજાપતિ, રોહિણી પરમાર સહિત અન્ય અગ્રણીઓએ ઉપસ્થિત રહી સેવાઓ પુરી પાડી હતી.

સિવિલમાં છતમાંથી પાણી ટપકતા દર્દીઓ પરેશાન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં છતમાંથી વરસાદી પાણી ટપકતા દર્દીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. દર્દથી કણસી રહેલા દર્દીઓ આરામ કરી રહ્યા હતા તે દરમિયાન પાણી ટપકતા બેડ ફેરવવાની ફરજ તંત્ર ને પડી હતી. જયારે કેટલાક વોર્ડમાં ભારે માત્રામાં વરસાદી પાણી આવતા ડોલ સહિતના સાધનો મુકવાની ફરજ પડી હતી. જયારે કર્મચારીઓ આખો દિવસ રજા હોવા છતા સાફ-સફાઈ કરતા નજરે પડ્યા હતા. જો કે છતમાંથી પાણી ટપકવાનો સિલસિલો બહુ જુનો છે. પીઆઈયુ વિભાગ દ્વારા યોગ્ય જાળવણી કરવામાં ન આવતા સમયાંતરે આ સમસ્યા સિવિલ સંકુલમાં ઉદભવતી રહે છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. ઓપીડી બિલ્ડીંગ અને ઈન્ડોર બિલ્ડીંગ દર્દીઓથી ઉભરાઈ રહી છે. દર્દીઓને આરોગ્યલક્ષી સેવાઓ પ્રાપ્ત થઈ રહી નથી. પરંતુ હોસ્પિટલમાં સમસ્યાઓમાં વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં જ સર્જરી ઓપરેશનના થિયેટરમાં ગટરના પાણી ટપકતા દર્દીઓના ઓપરેશન રદ કરવાની ફરજ પડી છે. તો ઓટીમાં રહેલા આધુનિક ઉપકરણોને નુકશાન ના થાય તેની તકેદારી રાખવામાં આવી છે. ત્યારે શહેરમાં સવારથી શરુ થયેલા વરસાદને પગલે છતમાંથી વિવિધ વોર્ડમાં પાણી ટપકવાની સમસ્યા સામે આવી હતી. કેટલાક વોર્ડમાં તો દર્દીના માથે પાણી ટપકતા બેડની જગ્યામાં ફેરબદલ કરવાનો વારો આવ્યો હતો. જયારે કેટલાક ઠેકાણે સ્ટાફના કર્માચારીઓએ ડોલ તેમજ વિવિધ સાધનો મુકીને પાણીનો ફેલાવો ના થાય તે માટે તકેદારી લીધી હતી. જયારે પાણી ટપકતા અને ચોમાસાને પગલે ગંદકી થતા કર્મચારીઓ રજાના મુડમાં હોવા છતા સતત સફાઈ કરતા નજરે પડ્યા હતા. આધુનિક બિલ્ડીંગમાં પાણી ટપકતા દર્દથી કણસી રહેલા દર્દીઓ પણ અચંબામાં પડી ગયા હતા. જયારે સિવિલ સંકુલ ઉપરાંત અન્ય સ્થળોએ પણ પાણી ટપકવાની ફરિયાદો આજે દિવસભર તંત્રને મળવા પામી હતી.

શહેરમાં ઠેર-ઠેર ટ્રાફીક જામનાં દશ્યો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં સે-૧૭ ખાતે ચાલી રહેલા ટેક્સટાઈલ એક્ઝીબીશનમાં મુલાકાતીઓનો ભારે ધસારો રહ્યો હતો. પાર્કીંગ સેન્સનાં અભાવે કરવામાં આવેલા આડેધડ વાહન પાર્કીંગથી શહેરનાં મુખ્ય માર્ગો તથા સે-૧૭ અને આસપાસનાં વિસ્તારોમાં આજે દિવસભર ટ્રાફીકની સમસ્યા રહી હતી. શહેરમાં ઠેર-ઠેર આ સમસ્યાને કારણે ટ્રાફીક જામનાં દશ્યો સર્જાયા હતા. એક તરફ ટેક્સટાઈલ એક્ઝીબીશન, તો બીજી તરફ આડેધડ પાર્કીંગ અને તેમાંપણ વરસાદ સતત ચાલુ રહેતા સમસ્યા શિર દર્દ સમાન બની હતી.

ગાંધીનગર ખાતે વડાપ્રધાન દ્વારા ખુલ્લા મુકવામાં આવેલા ટેક્સટાઈલ ઈન્ડીયા ૨૦૧૭ના એક્ઝીબીશન ખાતે હજારોની સંખ્યામાં મુલાકાતીઓ ગાંધીનગર સે-૧૭ ખાતે આવી રહ્યા છે. જેને પગલે આજે ગાંધીનગરમાં વિવિધ જીલ્લાઓમાંથી વાહનો લઈને અનેક મુલાકાતીઓ આવ્યા હતા. તો બીજી તરફ આખો દિવસ વરસાદ ચાલુ રહેતા બહારથી આવેલા વાહનચાલકો શહેરનાં રસ્તા ભુલ્યા ઉપરાંત વરસાદમાં અકસ્માત ના થાય તે માટે વાહનોની ગતિ ધીમી રહેતા ટ્રાફીક વધુ જામ રહ્યો હતો. તેમા પણ વાહનચાલકોએ કરેલા આડેધડ પાકલ્ગથી સમસ્યા વધુ વકરી હતી. જેને પગલે સે-૧૭ અને આસપાસનાં વિસ્તારોમાં તો ઠીક શહેરના મુખ્ય માર્ગો પર પણ ઠેર-ઠેર ટ્રાફીક જામના દશ્યો દિવસભર સર્જાયા હતા.

પુજા સામગ્રી પર લદાયેલા જી.એસ.ટીનો બજરંગ દળ દ્વારા વિરોધ

સે-૭ ભારત માતાના મંદિર ખાતે સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યો

ગાંધીનગર, તા.૨

દેશમાં જી.એસ.ટીને લાગુ કરવામાં આવ્યો તેમાં હિન્દુ વિધીઓ મટે વપરાતા પુજાનાં સામાન સહિત અગરબત્તી-ધુપમાં પણ સમાવેશ કરી દેવામાં આવતા વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા પુજાના સામાનને જી.એસ.ટી માથી બાકાત કરવા દેશ વ્યાપી વિરોધ શરુ કર્યો છે. જે અંતર્ગત ગુજરાત રાજ્યનાં પાટનગર ગાંધીનગર ખાતે પણ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળનાં કાર્યકરો દ્વારા સુત્રોચ્ચાર કરી આજે વિરોધ પ્રદર્શન કરી સત્વરે નિર્ણય નહી લેવાય તો ધરણા પ્રદર્શન કરવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

ગાંધીનગર વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના

આગેવાનો અને કાર્યકરો દ્વારા

ગાંધીનગર શહેરનાં સે-૭ માં આવેલા ભારત માતાનાં મંદિરે જી.એસ.ટીનો વિરોધ કરવામાં આવ્યો હતો. આગેવાનો કાર્યકરોનુ કહેવુ છે કે હિન્દુસ્તાનમાં જ હિન્દુ પુજાની સામગ્રી પર ટેક્સ લદાવવામાં આવ્યો છે તેને દુર કરવામાં આવે. ધુપ, અગરબત્તી, ઘી, લાડુ સહિતના પ્રસાદ, પુજાની મુર્તીઓ પણ પર ટેક્સ લદાવી દેવાયો છે. તો બીજી તરફ માંસ, ઈંડા, ખજુર સહિતની સામગ્રીઓ કે જે અન્ય ધર્મનાં વ્યક્તીઓ ઉપયોગ કરે છે તેમા કોઈ ટેક્સ નથી. તો આ ધાર્મિક વિધીઓમાં વપરાતા પુજાનાં સામાન પરથી ટેક્સ હટાવીદેવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળનાં ભુપેન્દ્રભાઈ રાવ, હર્ષદભાઈ બારોટ, હાર્દીકભાઈ બારોટ, શક્તિસિંહ ઝાલા સહિતનાંઆગેવાનો કાર્યકરોએ સુત્રોચ્ચાર કરી વિરોધપ્રદર્શન કરી ત્વરીત નિર્ણય નહી લેવાય તો ધરણા કરવાની ચીમકી ઉચ્ચારી છે.

શહેરમાં શાકભાજીનો ભાવમાં ઉછાળો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં શાકભાજીના ભાવમાં અચાનક તેજી આવી ગઈ છે. છેલ્લી સિઝનમાં પાક ઓછો ઉતરવાને પગલે તથા દેશના અન્ય રાજયોમાં ભારે વરસાદને કારણે રાજય બહારથી આવતો શાકભાજીનો પુરવઠો સમયસર પહોંચી ન શકતા બજારમાં શાકભાજીની આવક ઘટાડો જોવા મળી રહ્યો છે. શાકભાજીની આવક ઘટતા તેની સીધી અસર ભાવ પર જોવા મળી રહી છે. અને શહેરમાં વિવિધ શાકભાજીના ભાવમાં રૂ.૧૦થી ૨૦ નો વધારો જોવા મળી રહ્યો છે. જયારે બજારમાં લીલી મરચાનો ભાવમાં અચાનક તોંતિગ વધારો થતા મરચાની તીખાશ વધી જવા પામી છે. જેને પગલે નાસ્તાની લારીઓ પર છુટથી આપવામાં આવતા મરચા પણ ડીશમાંથી ગાયબ થઈ જવા પામ્યા છે.જયારે મરચાના ભાવની તીખાશ વધતા ગૃહિણીઓનું બજેટ પણ ખોરવાઈ જાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. માર્કેટમાં દસ દિવસ અગાઉ રૂ.૫૦થી ૬૦ના કિલોના ભાવેવેચાણ થતા મરતા આજે રૂ. ૧૨૦થઈ જવા પામ્યા છે. જયારે કોથમીરનો ભાવ કિલોના રૂ.૧૬૦થી પણ વધુથઈ જવા પામ્યો છે જેથી હોટલોની શબ્જીમાંથી પણ કોથમીરનો સ્વાદ અદ્રશ્ય થઈ ગયો છે. વરસાદી સિઝનમાં શાકની ઓછી આવક અને ટાઈમસર બજારમાં માલ ન આવતા ભાવમાં વધારો થતો હોય છે. પરંતુ વેપારીઓના જણાવ્યા મુજબ આ વધારો થોડા દિવસ પુરતો છે વરસાદ વિરામ લેતા અન્ય આસપાસના શહેરોમાંથી તેમજ રાજય બહારથી શાકભાજીનો જથ્થો નિયમિત આવતા ભાવ રાબેતા મુજબ થઈ જશે.

આઈ લવ માય ગાંધીનગર

નિકુંજ વૈશ્યક
ફોટોગ્રાફર

ગાંધીનગર ગમે
સ્થાન અને મનનું ખુલ્લાપણું, શહેર અને નગરજનોનાં મનની સુંદરતા ઉપરાંત વૃક્ષોની અને માનવોનાં મનની લાગણીઓની હરિયાળીને કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

નગરજનો
શિક્ષિત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો ગાંધીનગર શહેરમાં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે
ફોટોગ્રાફર્સ ગૃપ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, કીપ સ્માઈલિંગ ગૃપ, ગ્રો ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ તેમજ જી ઈ ક્લબ દ્વારા કરવામાં આવતી સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

નગરને બહેતર બનાવવા
યુવાનોમાં ઘણી શક્તિ છે. ઉપરાંત અનેક નાગરિકો એવા છે જેમને નગર માટે કંઈક કરી છૂટવું છે, પણ તેઓ મૌન છે. આ બંને વર્ગોને જો શહેરની ઉન્નતિ માટે કામે લગાડાય તો શહેરને અવશ્ય બહેતર બનાવી શકાય.

નગર માટે હું કરી શકું
સેવાનાં સઘળાં કાર્યો કરવા માટે હું તત્પર છું.

પત્નિને પડેલી તકલીફ પતિ માટે સમાજોપયોગી શોધનું કારણ બની

ગાંધીનગરના નિવૃત્ત હવાઈદળ સૈનિક કે.કે. પટેલના પત્નિને ગરમીથી થતી તકલીફના કારણે ફરજિયાત એસી વસાવવાની ફરજ પડી : એસી લગાડવા સાથે તેમણે અનોખા 'કન્ટ્રોલર'ની શોધ કરી જે વિજબીલમાં ૨૦ ટકાથી વધુની બચત કરવા સાથે એસીની કાર્યક્ષમતા વધારે છે

સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

ગાંધીનગર, તા.૨

હાશ...!! અગન વર્ષાથી અંગ દઝાડતો ઊનાળો અંતે પુરો થયો અને તન-મનને ઠંડક આપતી આલ્હાદ્દક મોસમ વર્ષાઋતુનો પ્રારંભ થયો છે. જો કે આ વર્ષે ફરી એકવાર ગાંધીનગરમાં ઊનાળાએ ગરમીનો આંક એટલો વધાર્યો હતો કે અનેક નાગરિકોને મને કમને એરકન્ડિશન્ડ મશીન ખરીદવા દોટ મુકવી પડી હતી. જો કે ઘરમાં એસી લગાડી લગલગાટ બે અઢી માસ સુધી શીતળતાનો આનંદ માણી ઠંડા થયેલા આ હરખપદુડાઓના હાથમાં જયારે લાઈટબીલ આવ્યા છે ત્યારે એસીની ઠંડકથી ગરમીમાં બચાવેલો પરસેવો હવે આંખમાંથી અશ્રુ બની વહેવા લાગ્યો છે. જો કે ગાંધીનગરના એક ૭૦ વર્ષીય વયોવૃધ્ધ વડીલ તેમના એસી સાથેના લાઈટબીલને જોઈ મનોમન હરખાઈ રહ્યા છે.

ગાંધીનગરના સેકટર-૨૬માં ગ્રીનસીટી સોસાયટીમાં રહેતા હવાઈદળના નિવૃત્ત ગુજરાતી સૈનિક કાનાભાઈ કાળીદાસ પટેલે ૧૯૬૮ની સાલમાં મેટ્રિક પાસ કરીને એરફોર્સ જોઈન કર્યું હતું. એરફોર્સમાં તેમણે બેંગ્લોર ખાતે તાલીમ મેળવી ડિપ્લોમા ઈન ઈલેકટ્રોનિકસ કર્યું હતું અને હવાઈદળમાં તેના સંલગ્ન સેવાઓ આપી હતી. વર્ષ ૧૯૮૪માં તેઓ હવાઈદળમાં નિવૃત્ત થયા હતા. ત્યારબાદ તેમણે ગાંધીનગરના સેકટર-૨માં ઈલેકટ્રોનિકસની ચીજવસ્તુઓની દુકાન શરુ કરી હતી તે જમાનો હજુ બ્લેક એન્ડ વ્હાઈટ ટીવીનો હતો તે સમયે તેમણે એક જાણીતી ટીવી કંપનીની ડિલરશીપ પ્રાપ્ત કરી વ્યવસાય વધુ આગળ વધારવા કમર કસી હતી. ટીવીની દુકાનનું નામ પણ તેમણે એરફોર્સમાં પદાધિકારીઓને અપાતા રેન્કિંગમાંથી એક એવા 'કોર્પોરલ'ને આધારિત આપી તા. ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિને કોઈ પણ મુર્હુત જોયા વગર પ્રારંભ કરી દીધી હતી. ટીવીના ધંધાને કારણે તેઓ શહેરના તમામ સેકટરની આંતરિક ભૂગોળથી માહિતગાર થઈ ગયા હતા.

જો કે લાગલગાટ દસ વર્ષ સુધી આ ધંધો કર્યા પછી પણ વ્યવસાય નફાકારક ના લાગતા છેવટે તેમણે સેકટર-૬માં વેલ્ડિંગનું નાનું કારખાનું શરુ કર્યું હતું. આ દરમિયાન ત્રણ દિકરીઓ અને એક દિકરાના પિતા એવા કાનાભાઈ દિકરીઓને સાસરે

વળાવી ઠરી ઠામ થયા હતા. હવે તેમના દિકરાએ તેમનો વ્યવસાય સંભાળી લેવા લાગતા વર્ષ ૨૦૦૮થી તેમણે વ્યવસાયમાંથી પણ નિવૃત્તિ લઈ લીધી હતી. જો કે આ દરમિયાન વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં તેમના પત્નિ ગજરાબેનને વારાફરથી બંને આંખે મોતિયાનું ઓપરેશન કરાવવું પડયું હતું. આ ઓપરશન બાદ આંખનો પડદો ખરાબ થઈ જતા તેમના પત્નિએ દૂરની દૃષ્ટિ ગુમાવી દીધી હતી અને હાલ તેઓ માત્ર એકાદ ફુટના અંતર સુધીનું જ દેશ્ય સ્પષ્ટ નિહાળી શકે છે. આ પરિસ્થિતિમાં ગજરાબેન તેમના ઘરમાં ઉપરના માળે જવા આવવા ચડઉતર કરી અશકત બની જવા પામ્યા એટલે ભોંયતળિયે જ રહેવું પડતું હતું. ઊનાળાની સીઝનમાં ઘરમાં લગાડેલી ટાઈલ્સ એટલી ગરમ થતી કે તેના કારણે ગજરાબેનના પગના તળિયા ગરમ થઈ જતા હતા જેથી શરીરમાં ગરમી નિકળવાની સમસ્યા વધવા લાગી હતી. કે.કે. પટેલના હુલામણા નામથી ઓળખાતા કાનાભાઈને આ પરિસ્થિતિમાં ઘરમાં એસી લગાડવું ફરજીયાત બન્યું હતું. પરંતુ ઘરમાં દિવાનખંડ ખૂબ મોટો હતો અને વળી રસોડા સાથે ખુલ્લા પેસેજથી જોડાયેલો હતો તેના કારણે બે ટનના બે એસી પણ ઓછા પડે તેમ હતું. વળી, આ એસીનું લાઈટબીલ કેટલું આવશે તે વિચારે તેમને પરસેવો છુટી જતો હતો.

મૂળ ઈલેકટ્રોનિકસ ક્ષેત્રનું જ્ઞાન અને અનુભવ ધરાવતા કે.કે. પટેલે આ સમસ્યાના નિવારણ માટે અનેક મિત્રો, ઈલેકટ્રોનિકસ એન્જિનીયર્સ સાથે ચર્ચા કરી અને પોતાના તર્ક લગાડી એક ઉપાય શોધી કાઢયો. તેમણે શોધી કાઢયું કે જો એક ટ્રાન્સફર્મર અને સર્કિટની મદદથી એસીના કોમ્પ્રેસરને વચ્ચે વચ્ચે કટ ઓફ કરવામાં આવે તો વિજળી પણ ઓછી વપરાય અને એક એસીમાં તેમનું કામ પતી જાય. આ ફોર્મ્યુલાને આધારે તેમણે એક ઈલેકટ્રોનિકસ એન્જિનીયર પાસે એક પ્રકારની ટાઈમર આધારિત 'કટ-ઓફ' સર્કિટ બનાવડાવી ટ્રાન્સફર્મર સાથે જોડી એક અનોખું કન્ટ્રોલર બનાવ્યું. આ કન્ટ્રોલરને એસીની વિજપ્રવાહની લાઈનમાં જોડી દીધું જેના કારણે તેમના વિજબીલમાં ૨૦ ટકા કરતા પણ વધુની બચત થવા લાગી અને એક એસીથી ઘરમાં પત્નિને અનુકુળ વાતાવરણ પણ મળી ગયું. ધીમે ધીમે તેમણે આ કન્ટ્રોલરને સુવ્યવસ્થિત બનાવી પેલા એન્જિનીયર સાથે કરાર કરી તેના વ્યાપારિક ઉત્પાદનનો કોન્ટ્રાકટ પણ આપી દીધો. હવે આ ઉત્પાદનને તેઓ કે. કે. એસી. કન્ટ્રોલરના નામથી બજારમાં વેચાણ અર્થે મુકવાનો પ્રારંભ કરી રહ્યા છે. હાલ તો તેમણે બનાવેલ કન્ટ્રોલર ૨ ટનના એસીને ચલાવવાની કેપેસીટી ધરાવે છે. પરંતુ તેને ભવિષ્યમાં વધારવાની પણ તેમની તૈયારી છે. તેમનું માનવું છે કે સરકારી કાર્યાલયો કે બેંકો વગેરેમાં વધુ માનવ અવરજવરને કારણે એસી ટેમ્પરેચર કટ ઓફ સુધી પહોંચતા જ નથી તેથી તેના કોમ્પ્રેસર સતત ચાલુ રહે છે. આ સંજોગોમાં તેમનું ટાઈમર કટ ઓફ કન્ટ્રોલર વચ્ચેથી કોમ્પ્રેસરને થોડીક મિનિટનો બ્રેક આપી તેની કાર્યક્ષમતા વધારવા સાથે વિજળીની મોટી બચત કરી શકે છે. તેમની આ શોધને કારણે ઘરમાં ઓછી કેપેસીટીના એસીને લગાડી વિજળીની બચત સાથે અનુકુળ વાતાવરણ પ્રાપ્ત કરી શકાય છે તેવો તેમનો દાવો છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

ચિરવિદાય

- સ્વ. ગોવિંદભાઈ મંગાભાઈ નાયી, ઉ.વ. ૭૬
- સ્વ. શિવસહાયસિંહ ભેજનાથ યાદવ, ઉ.વ. ૭૦
- સ્વ. રઈબેન રવાજી ઠાકોર, ઉ.વ. ૯૫
- સ્વ. કુંવરબેન શામજીભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૨